Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 2 • Issue :25• Date : 10-10-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

"GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL

### શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલ દ્વારા મહત્ત્વનો નિર્ણય

## સરકારે તબીબી પ્રાધ્યાપકોના પગારમાં ૩૦ થી ૫૫ ટકા સુધીનો વધારો કર્યો



### વર્ગ૧-૨ના તબીબી પ્રાધ્યાપકોને માસિક વેતનમાં વધારો

ગાંધીનગર

રાજયની સરકારી મેડીકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કરાયો છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ જાહેરાત કરી છે.

મળતી માહિતી મુજબ, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિષયક મહત્વના નિર્ણય સંદર્ભે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યની સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલ ખાતે સેવારત ૧૧ માસના કરાર આધારિત તબીબી શિક્ષકોના માસિક વેતનમાં ૩૦ થી ૫૫% સુધીનો વધારો કરવાનો હિતકારી નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવા અને મેડિકલ વિદ્યાર્થીને ગુણવત્તા શિક્ષણ એ જ સરકારની પ્રાથમિકતા છે તેમ જણાવી તેમણે ઉમેર્યુ હતું કે, તબીબી શિક્ષકોના માસિક વેતનમાં થયેલ નોંધપાત્ર વધારાના પરિણામે હોસ્પિટલમાં તબીબો અને શિક્ષકોની ઘટ્ટ નિવારવામાં મદદ મળશે. રાજ્ય સરકારના મહત્વપુર્ણ નિર્ણય સંદર્ભે વધું વિગતો આપતા તેમણે કહ્યું કે, સરકારી મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટલમાં ખાનગી પ્રેક્ટિસ સિવાય ફરજરત આ તબીબી શિક્ષકોને માસિક વેતનમાં થયેલ નોંધપાત્ર વધારાનો લાભ મળશે.આ નિર્ણય અનુસાર પ્રાધ્યાપક વર્ગ-૧ના પ્રોફેસરને હાલ રૂ.૧,૮૪,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવે છે જે હવેથી રૂ. ૨,૫૦,૦૦૦ થશે. સહ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૧,૬૭,૫૦૦ ની જગ્યાએ ૨,૨૦,૦૦૦, મદદનીશ પ્રાધ્યાપક વર્ગ-૧ ને ૮૯,૪૦૦ ની જગ્યાએ ૧,૩૮,૦૦૦ અને ટ્યુટર વર્ગ-૨ ને ૬૯,૩૦૦ ની જગ્યાએ ૧,૦૫,૦૦૦ માસિક વેતન ચૂકવવામાં આવશે. આરોગ્ય વિભાગના તા.૯/૧૦/૨૦૨૪ ઠરાવ થી નિર્ણય અમલી બનશે.

### કેબિનેટનો મહત્વનો નિર્ણય

## ડિસેમ્બર ૨૦૨૮ સુધી ગરીબોને હજુપણ મળતું રહેશે મફત અનાજ

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે બુધવારે (૯ ઓક્ટોબર ૨૦૨૪) ઘણી યોજનાઓને લીલી ઝંડી આપી દીધી છે. કેબિનેટે જુલાઈ ૨૦૨૪ થી ડિસેમ્બર ૨૦૨૮ સુધી પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKAY) અને અન્ય કલ્યાણ યોજનાઓ હેઠળ મફત ફોર્ટિફાઇડ ચોખાનો પુરવઠો ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે તેનો સમગ્ર ખર્ચ ૧૭,૦૮૨ કરોડ રૂપિયા હશે, જે કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચવામાં આવશે. કેન્દ્રીય મંત્રી અશ્વની વૈષ્ણવે કહ્યું કે સરકારની આ પહેલનો ઉદ્દેશ્ય વિકાસને પ્રોત્સાહન આપવા અને પોષણ સુરક્ષા વધારવાનો છે.

એપ્રિલ ૨૦૨૨માં, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ (CCEA) એ માર્ચ ૨૦૨૪ સુધીમાં તબક્કાવાર રીતે સમગ્ર દેશમાં ચોખાની ફોર્ટિફિકેશન પહેલને લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. અત્યાર સુધીમાં તેને ત્રણ તબક્કામાં સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. તેમણે કહ્યું કે ગરીબોને મફત ફોર્ટિફાઈડ ચોખાના સપ્લાયથી એનિમિયા અને સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ ઓછી થશે.

કેબિનેટે રાજસ્થાન અને પંજાબના સરહદી વિસ્તારોમાં રસ્તાઓને પણ મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીના જણાવ્યા અનુસાર, આ વિસ્તારોમાં ૨,૨૮૦ કિલોમીટરના રસ્તાઓ બનાવવામાં આવશે, જેના માટે ૪,૪૦૬ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આ સિવાય કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ (NMHC)ના વિકાસને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ બે તબક્કામાં પૂર્ણ થશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે તેનો ઉદ્દેશ સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઈ વારસો પ્રદર્શિત કરવાનો અને વિશ્વના સૌથી મોટા મેરીટાઈમ હેરિટેજ સંકુલનું નિર્માણ કરવાનો છે.

૨૦૧૯ અને ૨૦૨૧ ની વચ્ચે હાથ ધરાયેલા નેશનલ ફેમિલી હેલ્થ સર્વે (NFHS-5) અનુસાર, એનિમિયા ભારતમાં એક મોટી સમસ્યા છે, જે બાળકો, સ્ત્રીઓ અને પુરુષોને અસર કરે છે. કેન્દ્ર સરકાર આ યોજના એવા સમયે લાવી છે જયારે હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મોટી જીત મળી છે.

મહારાષ્ટ્રમાં પણ આ વર્ષે નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણી થવાની સંભાવના છે. બુધવારે જ પીએમ મોદીએ મહારાષ્ટ્રમાં ડિજિટલ માધ્યમથી રૂ. ૭,૬૦૦ કરોડથી વધુની કિંમતની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ કર્યો હતો. તેમણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ૧૦ મેડિકલ કોલેજોનું ઉદ્‌ઘાટન પણ કર્યું હતું.

## આ વખતે પણ રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી

નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેક્નની ૫૧મી MPC બેઠકના પરિણામો આવી ગયા છે. બે દિવસીય મોનેટરી પોલિસી કમિટીની બેઠકના પરિણામોની જાહેરાત કરતા સેન્ટ્રલ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આ વખતે પણ પોલિસી રેટ (રેપો રેટ)માં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એટલે કે તમારી લોનની EMI વધશે પણ નહી અને ઘટશે પણ નહીં. સતત આઠમી વખત રિઝર્વ બેંકે પોલિસી રેટને ૬.૫ ટકા પર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. આ સતત ૧૦મી વખત છે જ્યારે રિઝર્વ બેન્કે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી.

આ સતત ૧૦મી વખત છે જ્યારે રિઝર્વ બેક્કે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પછી રેપો રેટ ૬.૫૦ ટકા પર રહેશે. જ્યારે રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા અને બેક્ક રેટ




૬.૭૫ ટકા પર સ્થિર રાખવામાં આવ્યો છે.૭ ઓક્ટોબરથી શરૂ થયેલી MPC મીટમાં લેવાયેલા નિર્ણયોની માહિતી આપતા આરબીઆઈ ગવર્નરે જણાવ્યું હતું કે આ વખતે MPCમાં ૩ નવા સભ્યો ઉમેરવામાં આવ્યા છે અને વૈશ્વિક સ્થિતિ સહિત અન્ય પાસાઓને ધ્યાનમાં લીધા બાદ મીટિંગ દરમિયાન ૬માંથી ૫ સભ્યોનો સમાવેશ થાય છે. વ્યાજ દરો યથાવત રાખવા પર પોતાનો મત આપો. આ સાથે આરબીઆઈ ગવર્નરે કહ્યું કે હવે નીતિના વલણને વિડ્રોવલ ઓફ એપ્રુવલથી બદલીને ન્યૂટ્રલ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે વૈશ્વિક સ્તરે અસ્થિર સ્થિતિ પ્રવર્તી રહી હોવા છતાં દેશમાં ફૂગાવાને નિયંત્રણમાં રાખવામાં અમે સફળ રહ્યા છીએ અને તેની સાથે આર્થિક વિકાસને પણ વેગ મળ્યો છે.

આરબીઆઈની એમપીસીની બેઠક દર બે મહિને યોજાય છે અને રિઝર્વ બેક્કના ગવર્નર શક્તિકાંત દાસ સહિત છ સભ્યો ફુગાવા અને અન્ય મુદ્દાઓ અને ફેરફારો વિશે ચર્ચા કરે છે. રેપો રેટનો સીધો સંબંધ બેક્ક લોન લેનારા ગ્રાહકો સાથે છે. તેના ઘટવાથી લોનની EMI ઘટે છે અને તેના વધવાને કારણે તે વધે છે. વાસ્તવમાં રેપો રેટ એ દર છે કે જેના પર દેશની કેન્દ્રિય બેક્ક ભંડોળની અછતના કિસ્સામાં વ્યાપારી બેક્કોને નાણાં ઉછીના આપે છે. રેપો રેટનો ઉપયોગ મોનિટરી ઓથોરિટી દ્વારા ફુગાવાને નિયંત્રિત કરવા માટે કરવામાં આવે છે.

*તંત્રીની કલમે.................*

## રીલ જોવાનુ ચલણ હવે વ્યસનમાં બદલાવા માંડયુ છે

મોબાઈલ પર વિવિધ સોશિયલ મીડિયા સાઈટસ પર રીલ તરીકે ઓળખાતા ૧૫ થી ૬૦ સેકન્ડના વિડિયો જોવાનુ ચલણ બહુ જ વ્યાપક બની ગયુ છે.સ્હેજ નવરાશ મળતાની સાથે જ મોબાઈલ સ્ક્રીન પર લોકોની નજર જતી રહેતી હોય છે.

જોકે રીલ જોવાનુ ચલણ હવે વ્યસનમાં બદલાવા માંડયુ છે.જેની અસર વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડી રહી છે તેવુ એમ.એસ.યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર થયેલા એક સ્ટડીમાં બહાર આવ્યુ છે.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના સ્ટેટેસ્ટિકસ વિભાગના વિદ્યાર્થીઓએ શોર્ટ વિડિયો એન્ડ સ્ટુડન્ટ મેન્ટલ હેલ્થ...વિષય પર કરેલા સ્ટડીમાં એમ.એસ.યુનિવર્સિટીમાં ભણતા ૩૨૯ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.જેમાં આ તમામ વિદ્યાર્થીઓ સરેરાશ દોઢ થી બે કલાક મોબાઈલ પર સમય કરતા હતા.આ પૈકીના ૬૦ ટકા વિદ્યાર્થીઓએ કહ્યુ હતુ કે, અમે રોજ સરેરાશ પાંચ કલાકનો સમય મોબાઈલ પાછળ કાઢીએ છે.તેમાં પણ ૩ કલાકનો સમય રીલ જોવામાં જાય છે.રોજ ૩૬૦ થી ૪૫૦ જેટલી રીલ અમે મોબાઈલ પર જોતા હોઈએ છે.આવા વિદ્યાર્થીઓમાં ૪૦ ટકા ફીમેલ સ્ટુડન્ટસ અને ૬૦ ટકા મેલ સ્ટુડન્ટસ છે.

વિદ્યાર્થીઓને પણ ખબર હતી કે, મોબાઈલ પાછળ સમય તેમનો વેડફાઈ રહ્યો છે.૬૫ ટકાએ કબૂલ્યુ હતુ કે લાંબો સમય રીલ જોવાના કારણે સમય બગડી રહ્યો હોવાનુ ગુનાઈત લાગણી અનુભવાય છે.૭૫ ટકાએ સ્વીકાર્યુ હતુ કે, પરિવાર સાથે અમે ઓછો સમય ગાળી રહ્યા છે અને ૬૫ ટકાએ શારીરિક પ્રવૃત્તિઓ ઓછી થઈ હોવાની કબૂલાત કરી હતી.બહુમતી વિદ્યાર્થીઓએ રીલ જોવાના કારણે લેક્ચર એટેન્ડ કરવામાં અને અભ્યાસ માટેનુ સાહિત્ય લાંબો સમય માટે વાંચવામાં ધ્યાન કેન્દ્રીત કરવામાં મુશ્કેલી પડતી હોવાનુ પણ આ સ્ટડી દરમિયાન જણાવ્યુ હતુ.

વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડી રહેલી અસરો

વિદ્યાર્થીઓ શોર્ટ ટર્મ મેમરી લોસની ફરિયાદ કરી રહ્યા છે.ઘણાને છેલ્લી કઈ રીલ જોઈ હતી તે યાદ નથી.

અંધારામાં મોબાઈલ સ્ક્રીન પરથી નિકળતી રોશની ઉંઘની ગુણવત્તા પર અસર પાડે છે.કારણકે તેનાથી ઉંઘને નિયંત્રિત કરતા મેલેટોનિના નામના હોર્મોન્સનુ પ્રોડક્શન શરીરમાં ખોરવાય છે.

ઉંઘ ઓછી થવાની અસર વિદ્યાર્થીઓના અભ્યાસ પર અને તેમની વૈચારિક શક્તિ પર પણ પડી રહી છે.

મોબાઈલ અને રીલ પાછળ વેડફાતો વધારે પડતો સમય નકારાત્મકતાની લાગણી જન્માવે છે.

રીલ તરીકે ઓળખાતા વિડિયો મગજમાંથી ડોપામાઈન નામનુ હોર્મોન્સ ઉત્પન્ન કરે છે અને એટલે જ સતત રીલ જોયા કરવાનુ વ્યસન લાગી જવાનુ જોખમ રહે છે. સતત રીલ જોવાના કારણે દુનિયાની વાસ્તવિકતા અને વિવિધ સમસ્યાઓ પ્રત્યે પલાયનવાદી દ્રષ્ટિકોણ વિકસિત થવાની શક્યતા રહે છે.શારીરિક પ્રવૃત્તિ અને પરિવાર સાથે વિતાવાતો સમય ઓછો થઈ જાય છે.

રીલ જોવાનો સમય વધવા પાછળનુ કારણ શું

આ સ્ટડીમાં એવુ પણ જાણવા મળ્યુ હતુ કે, સોશિયલ મીડિયા સાઈટસ પર જે વિષયમાં રસ હોય તે વિષયની રીલ વધારે જોવામાં આવે એટલે તે જ વિષયની બીજી રીલ્સ વધારે પ્રમાણમાં આપોઆપ દેખાવા માંડે છે.જેના કારણે પણ રીલ જોવાનો સમય વધી જાય છે.આ ઉપરાંત સોશિયલ મીડિયા સાઈટસ પર રીલ જોવાનુ સાવ આસાન છે.જેના કારણે યુવાઓની સાથે સાથે હવે દરેક વયજૂથમાં રીલ જોવાનુ ચલણ વધી રહ્યુ છે.

### જમ્મુ કાશ્મીરમાં કોંગ્રેસ-NCનો વિજય

# હરિયાણા વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક

નવી દિલ્હી

હરિયાણા ૨૦૨૪ વિધાનસભા ચૂંટણી માટે ૫ ઑક્ટોબરે મતદાન થયું હતું. ત્યારે આજે (૮ ઑક્ટોબર) ચૂંટણી પરિણામો જાહેર થયા છે. હરિયાણામાં પ્રચંડ બહુમતી સાથે ભાજપની હેટ્રિક જોવા મળી રહી છે. બીજી તરફ ચૂંટણી પરિણામોમાં જિંદ જિલ્લાની જુલાના બેઠક સૌથી વધુ ચર્ચામાં હતી, કારણ કે અહીંથી વિનેશ ફોગાટ ચૂંટણી લડી રહી હતી. ત્યારે હવે વિનેશ ફોગાટની ૬ હજાર મતથી જીત થઈ છે. ત્યારે હવે વડાપ્રધાન મોદી સાંજે ૭:૩૦ વાગ્યે દિલ્હીમાં ભાજપ કાર્યલય પહોંચશે. હરિયાણામાં ત્રીજી વખત વિધાનસભા ચૂંટણી જીતવા પર વડાપ્રધાન મોદી પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરશે.

વડાપ્રધાન મોદીએ હરિયાણામાં ભાજપની જીત માટે નાયબ સૈનીને ફોન કરીને શુભેચ્છા પાઠવી છે. આ સિવાય લાડવા વિધાનસભા બેઠકથી જીત મેળવ્યા બાદ હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીનું કહેવું છે કે, 'હું પ્રમાણ પત્ર લેવા જઈશ અને પછી જ્યોતિસર મંદિરમાં ભગવાન કૃષ્ણની પૂજા કરીશ. હરિયાણાના ૨.૮૦ કરોડ લોકોએ આ સરકારને ચૂંટી છે અને અમે પીએમ મોદીના નેતૃત્વમાં આગળ વધીશું.' હરિયાણા વિધાનસભા ચૂંટણી પરિણામોના વલણમાં ભાજપને બહુમતી મળી છે. જેને લઈને ગુરુગ્રામમાં ભાજપના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડીને ઉજવણી અને એકબીજાને અભિનંદન આપવાનું શરુ કર્યુ હતું. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે, લોકસભા ચૂંટણીની જેમ હરિયાણામાં પણ ચૂંટણી પંચ ધીમી ગતિએ ડેટા અપડેટ કરી રહ્યું છે. શું ભાજપ જૂના ડેટા અને ભ્રામક વલણો દ્વારા વહીવટીતંત્ર પર દબાણ લાવવા માંગે છે? હાલના વલણો અનુસાર હરિયાણામાં ભાજપ સતત ત્રીજી વખત સરકાર બનાવવા જઈ રહ્યું છે. હરિયાણામાં શહેરી બેઠકો પર ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. ૩૦ શહેરી બેઠકોમાંથી ૨૧ પર ભાજપ આગળ છે. લગભગ ૭૦ ટકા શહેરી મતદારો ભાજપ સાથે જોવા મળે છે. કોંગ્રેસ માત્ર ૭ શહેરી બેઠક પર આગળ છે. પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના ઉમેદવાર ભૂપિન્દર સિંહ હુડ્ડાનું કહેવું છે કે, 'વર્તમાન વલણ અનુસાર કોંગ્રેસ સરકાર બનાવવા જઈ રહી છે. પાર્ટી હાઈકમાન્ડ મુખ્યમંત્રીનો ચહેરો નક્કી કરશે. કોંગ્રેસ પોતાની બહુમતી લાવશે. આનો શ્રેય રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, પાર્ટીના તમામ નેતાઓ અને હરિયાણાના લોકોને જશે.' હરિયાણામાં મત ગણતરીના પ્રારંભિક વલણો કોંગ્રેસની તરફેણમાં હતા અને પક્ષને સંપૂર્ણ બહુમતી મળી રહી હતી, પરંતુ અચાનક ચિત્ર બદલાઈ જતાં ભાજપ આગળ વધી રહ્યું છે. તેમ છતાં કુમારી શૈલજાએ હરિયાણામાં કોંગ્રેસની સરકાર બનાવવાનો દાવો કર્યો છે. અંબાલા બેઠક પરથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે જણાવ્યું હતું કે, 'હરિયાણામાં ભાજપની સરકાર બની રહી છે. મુખ્યમંત્રી પદના ચહેરા પર નિર્ણય હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવશે.' હરિયાણામાં મોટી ઉથલપાથલ થતી જોવા મળી રહી છે. ભાજપે પહેલીવાર બહુમતીનો આંકડો પાર કર્યો છે. હરિયાણાની તમામ ૯૦ બેઠકના વલણોમાં કોંગ્રેસની જબરદસ્ત લહેર જોવા મળી રહી છે. કોંગ્રેસને બે તૃતિયાંશ બહુમતી મળી છે. કોંગ્રેસના નેતા પવન ખેરાએ હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી પર કહ્યું, 'અમને વિશ્વાસ છે કે આજે અમને દિવસભર લાડુ અને જલેબી ખાવા મળશે, અમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ જલેબી મોકલવાના છીએ. અમને વિશ્વાસ છે કે જમ્મુ અને કાશ્મીર અને હરિયાણામાં બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહ્યા છીએ.' હરિયાણામાં મતગણતરી વચ્ચે દિલ્હીમાં કોંગ્રેસના કાર્યકરોમાં સંભવિત જીતને લઈને ઉત્સાહ છે. કોંગ્રેસ કાર્યાલયની બહાર પાર્ટીના કાર્યકરો મીઠાઈ વહેંચી રહ્યા છે. શરુઆતના વલણોમાં કોંગ્રેસને હરિયાણામાં બહુમતી મળી છે.

### છેતરપિંડી કર્યાની ઈચ્છાપોર પોલીસમાં ફરિયાદ નોંધાઈ

## વડોદરામાં એન્જિનિયર યુવતીને ઓનલાઈન નવરાત્રિના પાસ ખરીદવા પડ્યા મોંઘા

વડોદરા

સુરત-હજીરા રોડની ક્રિભકો ટાઉનશીપમાં રહેતી અને વડોદરાની કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરતી યુવતીએ બુક માય શો ઉપર ખરીદેલા વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ હેરિટેજ ગરબાના પાસની ડિલીવરીનું સરનામું ખોટું હોવાનું કહી ભેજાબાજે નવું સરનામું અપડેટ કરવા લીંક મોકલાવી રૂ. ૫ ટ્રાન્સફર કરાવ્યા બાદ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી મોબાઈલ હેક કરી રૂ. ૧ લાખ ઉપાડી લઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ ઈચ્છાપોર પોલીસમાં નોંધાઈ છે.

હજીરા રોડના કવાસ ગામ સ્થિત ક્રિભકો ટાઉનશીપમાં માતા-પિતા સાથે રહેતી મૈત્રી વડોદરાની લીન્ડે એન્જિનિયરિંગ ઈન્ડિયા પ્રા. લિ. કંપનીમાં એન્જિનિયર તરીકે નોકરી કરે છે. શનિવાર અને રવિવારની રજામાં માતા-પિતા સાથે રહેવા આવતી મૈત્રી વડોદરાના ન્યુ પ્રિયા સિનેમા નજીક આનંદવન રેસીડન્સીમાં ભાડેથી રહે છે.

ગત ૧૪ સપ્ટેમ્બરના રોજ મૈત્રીએ બુક માય શો એપ્લિકેશન મારફતે વડોદરાના લક્ષ્મી વિલાસ પેલેસ હેરિટેજના ગરબાનો ઓનલાઈન એક પાસ રૂ. ૧૪૫૨ માં વડોદરાના ન્યુ નીલામ્બર સર્કલ નજીક લીન્ડે હાઉસ ખાતેની પોતાની ઓફિસના સરનામે બુક કરાવ્યો હતો. દરમિયાનમાં ૩૦ સપ્ટેમ્બરના રોજ સરનામું ખોટું હોવાથી પાસની ડિલીવરી થઈ શકશે નહીં એવો મેસેજ આવ્યો હતો. મૈત્રીએ ગુગલ ઉપરથી બ્લ્યુ ડાર્ટ કુરીયર સર્વિસનો ઓનલાઈન નંબર ચેક કરી કોલ કર્યો હતો. કોલ રિસીવ કરનારે પોતાનું નામ સંજીવ હોવાનું જણાવી નવું સરનામું અપડેટ કરાવવા ચાર્જીસ પેટે રૂ. ૫ ભરવા પડશે એમ કહી એક લીંક મોકલાવી હતી.

## લિવ ઈનમાં રહેતા લોકો વિરુદ્ધ દાખલ થઈ શકે છે દહેજ હત્યાનો કેસ

અલ્હાબાદ

લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા લોકો સામે દહેજ હત્યાનો કેસ નોંધાઈ શકે છે. અલ્હાબાદ હાઈકોર્ટે મોટો ચુકાદો આપ્યો હતો. એક કેસમાં પોતાનો ચુકાદો આપતાં અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું હતુ કે, પતિ-પત્નીની જેમ લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા લોકો પર દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનનો કેસ નોંધી શકે છે. કોર્ટે કહ્યું કે દહેજ હત્યાનો કેસ નોંધવા માટે કપલ્સનું પતિ-પત્નીની જેમ જીવવું પુરતું છે. આ આદેશ જસ્ટિસ રાજબીર સિંહે આદર્શ યાદવની અરજી ફગાવતા આપ્યો હતો.ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં અરજદાર વિરુદ્ધ દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનના આરોપમાં **FIR** દાખલ કરવામાં આવી હતી. જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે લગ્ન માટે દહેજની માંગણીથી કંટાળીને પીડિતાએ આત્મહત્યા કરી હતી. પોલીસે દહેજ હત્યાના આરોપમાં ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ કોર્ટે અરજદારની અરજી ફગાવી દીધી હતી, જેમાં તેણે ગુનામાંથી નિર્દોષ છોડવાની વિનંતી કરી હતી.અરજદારે કહ્યું કે તે કાયદેસર રીતે પીડિતાનો પતિ નથી, તેથી તેની સામે દહેજ હત્યા અને દહેજ ઉત્પીડનનો કેસ દાખલ કરી શકાય નહીં. સરકારી વકીલે કહ્યું કે મૃતકના લગ્ન કોર્ટ મારફતે થયા હતા. અરજદાર મૃતકને દહેજ માટે હેરાન કરતો હતો, આથી પીડિતાએ આત્મહત્યા કરી હતી.

### સૂત્રો લખેલા પોસ્ટર સાથે રમ્યા ગરબા

# જૂનાગઢમાં ગરમે ઘૂમતા ખેલૈયાઓએ કર્યો ઈકોઝોનનો વિરોધ

## વિરોધ દર્શાવતા સૂત્રો લખેલા પોસ્ટર સાથે ગરબા કરી પટેલ સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું



જૂનાગઢ

તંત્રના ઈકોઝોનના કાયદાને લઈને હવે વિરોધ વ્યાપક બની રહ્યું છે. સૌથી વધારે અસરગ્રસ્ત એવા તાલાળા વિસ્તારના ગામના લોકો નવા સૂચિત કાયદાનો વિરોધ કરી રહ્યા છે. આ દરમિયાન તાલાલા ખાતે પટેલ સમાજ દ્વારા ગરબાનું આયોજન કરાયું હતું જેમાં કાયદાના વિરોધના બેનરો સાથે ગરબા કરવામાં આવ્યા હતા. ગરબામાં ઈકો ઝોનના કાયદાનો વિરોધઃ જૂનાગઢ સોમનાથ અને અમરેલી જિલ્લાના ૧૯૬ કરતાં વધુ ગામો ઈકોઝોન કાયદા નીચે આવરી લેવામાં આવ્યા છે. જે અંતર્ગત કેન્દ્ર સરકારે નવા સૂચિત કાયદાનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડ્યું છે. જેનો હવે અસરગ્રસ્ત વિસ્તારોમાં વ્યાપક અને સાર્વત્રિક વિરોધ પણ થઈ રહ્યો છે.અત્યાર સુધી ખેડૂતો અને ગામલોકો નાની નાની બેઠકો કરીને સરકારના કાયદાનો વિરોધ કરી રહ્યા હતા તે વિરોધ હવે સાર્વત્રિક રીતે જોવા મળી રહ્યો છે. તાલાલા ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત ગરબામાં ખેલૈયાઓએ ગરબે ઘૂમીને સૂચિત નવા કાયદાનો વિરોધ કર્યો હતો. ઈકોઝોનનો સૂચિત કાયદો ગીર વિસ્તાર માટે કાળો કાયદો બની રહેશે તેને લઈને ગીર વિસ્તારના ખેડૂતો, ગામ લોકો દ્વારા હવે સાર્વત્રિક વિરોધની શરૂઆત પણ થઈ છે. નવરાત્રિ દરમિયાન તાલાલા ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા ગરબાનું આયોજન કરાયું હતું.આ વિરોધમાં બાળકો, યુવાનો, પુરુષો, વડીલો, મહિલાઓ અને યુવતીઓ દ્વારા તેમના હાથમાં ઈકોઝોનના કાયદા વિરુદ્ધના સૂત્રો સાથેના બેનર લઈને ગરબા કરીને અનોખી રીતે સરકારના સૂચિત નવા ઈકોઝોનના કાયદાનો વિરોધ કરીને મા જગદંબા સમક્ષ સરકારને સદબુદ્ધિ મળે અને સુચિત કાયદો સરકાર સ્વયંમ પરત ખેંચે તેવી માંગ સાથે ગરબે ઘૂમીને પાંચમાં નોરતાની ઈકોઝોનના વિરોધમાં ઉજવણી કરી હતી.

# સાબરકાંઠામાં મુંબઈના વેપારી પિતા-પુત્રનું અપહરણ

સાબરકાંઠા

જિલ્લામાં દિન પ્રતિદિન લૂંટ, ખંડણી અને ક્રાઈમના કિસ્સાઓ વધી રહ્યા છે. ત્યારે હિંમતનગરમાં સ્વામિનારાયણ નામ લખેલી એક લાખ ટોપી બનાવવાના ઓર્ડર માટે બોલાવી છ આરોપીઓએ એકરૂપ થઈ મુંબઈથી આવેલા ટોપી બનાવનારા વેપારી બાપ-દીકરાને માર મારી પાંચ કરોડની ખંડણી માગવાનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં વેપારીના ભાઈ તેમજ મિત્રની જાગૃતતાને પગલે આરોપીઓએ બાપ-દીકરાને માર મારી ફરાર થઈ ચૂક્યા છે. જો કે પોલીસે આ મામલે ફરિયાદ નોંધ વધુ તપાસ હાથ ધરી છે.

ટોપીના કોન્ટ્રાકટના બહાને મુંબઈના વેપારીને બોલાવ્યાઃ સાબરકાંઠાના નેશનલ હાઈવે નંબર-૪૮ ઉપર હિંમતનગર નજીક આવેલા સ્વામિનારાયણ મંદિરની સામે ખાનગી કોમ્પ્લેક્ષમાં દુકાન ભાડે રાખી છ જેટલા આરોપીઓએ પાંચ કરોડની ખંડણી માગી બે વેપારીઓને માર માર્યા હોવાનો ખુલ્યું છે. જેમાં મુંબઈથી આવેલા વેપારીને રાજેન્દ્ર સંઘવી નામના આરોપીએ ભાડે દુકાન રાખી તેમાં એક લાખ જેટલી સ્વામિનારાયણ સંપ્રદાયની ટોપીઓ બનાવવા માટે કોન્ટ્રાક્ટ આપવાનું જણાવી બાપ દીકરાને બોલાવ્યા હતા. જ્યાં તેમની અન્ય પાંચ વ્યક્તિઓએ ભેગા થઈ પાંચ કરોડની ખંડણી માગી હતી.

સમજદારીથી વેપારી પિતા-પુત્રને મૂકીને ભાગ્યા આરોપીઃ જોકે મુંબઈથી આવેલા વેપારીઓએ જીવિત રહેવા માટે ૫૦ લાખ આપવાની વાત કરી હતી. જેના પગલે મુંબઈના વેપારીએ તેમના ભાઈ તેમજ મિત્રને ૫૦ લાખની રકમ મોકલી આપવા જણાવ્યું હતું. જોકે તેમના મિત્રએ ૫૦ લાખની રકમ જેટલો માલ ન હોવાનું જણાવવાની સાથે સાથે ઘટના સ્થળનો લોકેશન તેમજ વિડીયો કોલ કરવાનું જણાવતા આરોપીઓને પકડાઈ જવાનો ભય લાગ્યો હતો. જોકે આરોપીઓએ આ મામલે મુંબઈથી આવેલા બંને વ્યાપારીઓને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ચૂક્યા હતા. જેના પગલે હિંમતનગરના એ ડિવિઝન પોલીસ મથકે છ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે.

પિતા-પુત્રને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયાઃ આ સાથે મુંબઈથી આવેલા વેપારી પિતા-પુત્રને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જોકે હિંમતનગરમાં પાંચ કરોડની ખંડણીની વાતને પગલે સમગ્ર શહેરમાં હડકંપ સર્જાયો છે. હાલમાં આરોપી રાજેન્દ્ર સંઘવીએ અહીયા કોની દુકાન ભાડે રાખી? તેમજ આ મામલે કેટલા લોકો શામેલ છે તે દિશામાં આરોપીને પકડવા બાબતે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

### સુરતના સરથાણામાં એક વિચિત્ર અકસ્માત સર્જાયો

# BRTS રૂટની રેલિંગ કૂદીને જઈ રહેલો યુવક બાઈક ચાલક સાથે ટકરાતાં બંનેના મોત

સુરત

હાલ ગુજરાતમાં નવરાત્રિનો તહેવાર ચાલી રહ્યો છે. ત્યારે સુરતથી એક દુખદ સમાચાર સામે આવ્યા છે. જેમાં સુરતના સરથાણામાં એક વિચિત્ર અકસ્માત સર્જાયો છે. જેમાં બીઆરટીએસ રૂટની રેલિંગ કૂદીને જઈ રહેલો યુવક બાઈક ચાલક સાથે ટકરાતાં બંનેના મોત નિપજ્યું હતા. આ ઘટનાના મામલે બંને મૃતકના પરિવારજનોએ સામસામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ સમગ્ર ઘટનાની તપાસ કરી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના સરથાણામાં બીઆરટીસ રૂટની રેલિંગ કૂદીને સામે તરફ જઈ રહેલો યુવક બાઈક સવાર સાથે ટકરાયો હતો. જેથી બાઈક સવારે કાબૂ ગુમાવ્યો હતો અને બંને જણા જમીન પર પટકાયા હતા. જેથી આ અકસ્માતમાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં રેલિંગ કૂદનાર યુવકની ઓળખ દિનેશ રાણા (ઉ.વ.૩૮) તરીકે થઈ છે. પોલીસ તપાસ મુજબ દિનેશ રાણા મૂળ બનાસકાંઠાનો રહેવાસી છે, તેની ચા હોટલ હતી. સુરતમાં પોતાની પત્ની અને દિકરી સાથે રહેતો હતો. જ્યારે બાઈક ચાલકની ઓળખ સાહિલ



વસાવા તરીકે થઈ છે, જે સાડીના કારખાનામાં કામ કરતો હતો. સાહિલ વસાવા માતા-પિતા સાથે બરડીપાડામાં રહે હતો. આ મામલે બંનેના પરિવાજનોએ સામસામે એકબીજાની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેને લઈને પોલીસ તપાસનો દૌર શરૂ કર્યો છે.

# સુરતમાં મૂકબધિર નાની બહેન સાથે ગુમ થતાં પોલીસ થઈ દોડતી

સુરત

સુરતમાં નાના બાળકો સાથેના અત્યાચારના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે કાપોદ્રા વિસ્તારમાં મૂકબધિક બાળકી તેની નાની બહેન સાથે ઘરેથી નીકળી ગઈ હતી.

જેની જાણ શ્રમજીવી પરિવારન થતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. બન્ને બાળકીઓને શોધવા પોલીસના ૫૦ કર્મચારીઓએ શોધખોળ આદરી હતી. કાપોદ્રામાં ભરવાડ ફળિયામાં રહેતા રવિભાઈ કુનાઈભાઈ મુખીયા પરિવારમાં પત્ની અને ત્રણ દીકરીઓ સાથે રહે છે. પતિ પત્ની બંને મજૂરી કામ કરી પરિવારનું ભરણ પોષણ કરે છે. રોજિંદા ક્રમ મુજબ તેઓ કામ પર નીકળી ગયા હતાં. ઘરે બપોરે ઘરે આવતા ૧૨ વર્ષની મૂકબધિર દીકરી અને ૪ વર્ષની દીકરી ગેરહાજર હતાં. આથી ચિંતિત માતા-પિતાએ આસપાસ તપાસ કરી પણ ક્યાંય મળી નહી. આથી પોલીસનો સંપર્ક કર્યો હતો.પોલીસે બાળકીઓને શોધવા માટે કુલ ૮૦ જેટલા સી.સી.ટી.વી કેમેરા ચેક કર્યા હતાં. સતત ૪ કલાકની ભારે મહેનતના અંતે બન્ને ગુમ થયેલ બાળકીઓ સરથાણા ગીરીરાજ હોટલની સામે ખડસદ રોડ ખાતેથી સહી સલામત મળી આવી હતી.ત્યાર બાદ બંને બાળકીઓને પોતાના માતા પિતાને સોંપવામાં આવી હતી. શ્રમજીવી દંપતીએ પોલીસનો આભાર માન્યો હતો.

# GST કૌભાંડઃ રાજ્યમાં ૧૪ ઠેકાણાં પર દરોડા પડ્યા

## ૧ ૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં એક નામ પત્રકાર મહેશ લાંગાનું પણ છે

અમદાવાદ

કેન્દ્ર સરકાર દ્વારા નોંધાયેલ ફરિયાદો પર આધાર રાખીને, ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચ, આર્થિક ગુનાહિતી વિભાગ અને વિશેષ અભિયાન ગ્રુપની ટીમો દ્વારા રાજ્યભરમાં ૧૪ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં ૧૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાં એક નામ પત્રકાર મહેશ લાંગાનું પણ છે.

ક્રાઈમ બ્રાન્ચે GST કૌભાંડ મામલે લાંગાની ધરપકડ કરીને પૂછપરછ હાથ ધરી છે. આ છેતરપિંડીની કાર્યવાહી માટે બનાવટી ઓળખ અને દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પ્રથમ દૃષ્ટિએ, એવું જણાય છે કે દેશભરમાં ૨૦૦ થી વધુ છેતરપિંડીથી રચાયેલી કંપનીઓ/એકમો સામેલ છે, જેઓ છેતરપિંડીયુક્ત ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવીને અને પસાર કરીને સરકારી તિજોરીને છેતરવા માટે સંગઠિત રીતે કામ કરી રહી છે. GST ચોરીની મળેલી ફરિયાદ બાદ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા રાજ્યભરમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ડાયરેક્ટર જનરલ ઑફ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને આપેલી માહિતીના આધારે અમદાવાદ, જૂનાગઢ, સુરત, ખેડા અને ભાવનગર સહિતના ૧૪ ઠેકાણાં પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કુલ ૧૨ બોગસ પેઢી બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની અટકાયત કરાઈ છે. એમાં સૌરાષ્ટ્રના ભાજપના ધારાસભ્ય ભગવાન બારડના પુત્ર અજય બારડ અને પત્રકાર મહેશ લાંગાની પણ પૂછપરછ કરાઈ હતી. પ્રાથમિક તપાસમાં બધાએ ભેગા મળીને સમગ્ર દેશમાં ૨૦૦થી વધુ બોગસ પેઢીઓ દ્વારા કરોડો રૂપિયાનું ઈનપુટ ટેક્સ ક્રેડિટનું કૌભાંડ કરાયું હોવાનું ખૂલ્યું છે.૧૨ બોગસ પેઢીઓ બનાવનાર ૩૩થી વધુ સંચાલકોની ધરપકડ કરવામાં આવી છે.

તેમાં એક પત્રકાર મહેશ લાંગાનું પણ છે. ક્રાઈમ બ્રાન્ચે GST કૌભાંડ મામલે લાંગાની ધરપકડ કરીને પૂછપરછ હાથ ધરી છે. પત્રકાર મહેશ લાંગાએ ધરપકડના એક દિવસ પહેલાં જ GSTને લઈને પોસ્ટ કરી હતી અને GST રજીસ્ટ્રેશનને એક પીડા ગણાવી હતી. આ પોસ્ટના બીજા જ દિવસે તેની 'GST કૌભાંડ'માં ધરપકડ પણ થઈ છે. આ મામલે ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત પટેલે જણાવ્યું હતું કે GST તરફથી મળેલી ફરિયાદ બાદ પત્રકાર મહેશ લાંગાની ખોટા ડોક્યુમેન્ટ બદલ ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ.બ્રાન્ચ દ્વારા તમામ ડોક્યુમેન્ટ્સ કબજે કરીને વધુ તપાસ કરવામાં આવશે. તપાસમાં ખુલાસો થતાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. ખાસ વાત તો એ છે કે, પત્રકાર મહેશ લાંગાને પણ આ તપાસમાં ઝડપી પાડવામાં આવ્યો છે. હાલ તેની પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. તપાસમાં આ કૌભાંડ અને કૌભાંડીઓનો આંકડો વધે તેવી પૂર્ણ શક્યતાઓ પણ છે. આ કૌભાંડ સાથે ગુજરાતમાં બોગસ બિલિંગ કૌભાંડનો આંકડો પણ ૫૦ હજાર કરોડને પાર થઈ ગયો છે.

ડાયરેક્ટોરેટ ઓફ જનરલ ઓફ ગુડસ એન્ડ સર્વિસ ટેક્સ ઈન્ટેલિજન્સ(DGGI)ના ડાયરેક્ટર હિમાંશુ જોષીએ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી કે અમદાવાદની ધ્રુવી એન્ટરપ્રાઈઝના નામે બોગસ કંપની રજિસ્ટર્ડ કરાવી ચોક્કસ ટુકડી દ્વારા બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી રહી છે.

## વડાપ્રધાન મોદી સાથે મુખ્યમંત્રીની મુલાકાતને લઈને ચારે તરફ અટકળો

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ નવી દિલ્હીની મુલાકાતે છે. આ મુલાકાતનું પ્રયોજન જાહેર થયું નથી, પરંતુ મુલાકાતનો હેતુ વહીવટી બાબતો હોઈ શકે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય આગેવાનોને મળશે.અહી પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ભાજપના ધારાસભ્યોની બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેથી, મુખ્યમંત્રીના દિલ્હી પ્રવાસ અંગે સચિવાલયમાં અટકળો શરૂ થઈ ચુકી છે. જો કે સત્તાવાર સૂત્રો આ મુલાકાતને રૂટીન ગણાવી રહ્યાં છે.


સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદીની રાજકીય કારકિર્દીના ૨૩ વર્ષ પૂર્ણ થયા છે. જેને લઈને રાજ્ય સરકારે તેની ઉજવણી માટે વિકાસ સપ્તાહ શરૂ કર્યો છે. તેથી, મુખ્યમંત્રી વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળી આ સંદર્ભે તેમનું માર્ગદર્શન મેળવશે. આ મુલાકાતમાં મુખ્યસચિવ રાજકુમાર પણ સાથે હોવાથી રાજ્યના વહીવટી તંત્ર અંગેની ચર્ચા થવાની પણ સંભાવના છે. મહત્ત્વનું છે કે ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલ જન્મ જયંતિ નિમિત્તે એકતા દિવસના કાર્યક્રમો હોવાથી ગુજરાતમાં તેની કેવી રીતે ઉજવણી કરવાની તે અંગે પણ આ મુલાકાત દરમિયાન ચર્ચા થઈ શકે છે. એટલું જ નહીં, રાજ્યના વહીવટી તેમજ પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓની બદલી અંગે પણ ચર્ચા-વિચારણાનો અવકાશ રહેલો છે.

### રાજકોટ શહેર ભાજપમાં ભડકો

## હરેશ જોષીને શહેર ભાજપ કાર્યાલય મંત્રીના પદ પરથી રાતોરાત હટાવી દેવામાં આવ્યા

### નવા કાર્યાલય મંત્રી તરીકે હિતેષ ઢોલરિયાની નિમણૂક કરાઈ

રાજકોટ





પ્રદેશ ભાજપનું સંગઠન હોય કે શહેર સંગઠનનું માળખું હોય જ્યારે પણ કોઈ હોદ્દેદારની હકાલપટ્ટી કરવાની હોય તો તેને રાતોરાત છુટ્ટા કરી દેવામાં આવે છે. રાજકોટમાં પણ કંઈક આવું જ થયું છે. છેલ્લા ૩૦ વર્ષથી અલગ અલગ સંગઠનમાં હોદ્દો ધરાવતા હરેશ જોષીને શહેર ભાજપ કાર્યાલય મંત્રીના પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે. ૭ ઓક્ટોબરે નિયત સમય પ્રમાણે હરેશ જોષી પોતાનું કામ પૂર્ણ કરતાની સાથે જ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી અને ત્રણેય મહામંત્રીઓ દ્વારા તેઓને છુટ્ટા કરવામાં આવ્યા હોવાનો આદેશ કરી દેવામાં આવ્યો છે. આ હોદ્દા પર નવા કાર્યાલય મંત્રી તરીકે હિતેષ ઢોલરિયાની નિમણૂક કરી દેવામાં આવી છે.રાજકોટમાં છેલ્લી બે ટર્મથી હરેશ જોષી કાર્યલય મંત્રી તરીકે જોડાયેલા છે. કાર્યાલયમાં થતી દરેક કામગીરીથી તેઓ સારી રીતે વાકેફ છે.દરેક બાબતોની ફરિયાદો અને અધિકારીઓને સૂચનાઓ ભાજપ કાર્યલયથી જતી હોય છે ત્યારે હરેશ જોષીને દૂર કરવા પાછળ શું કારણ છે તે મોટો સવાલ છે. એવી પણ ચર્ચા છે કે હરેશ જોષી સામે ભૂતકાળમાં કેટલીક ફરિયાદો મળી હતી ત્યારે આ ફરિયાદોને આધારે પણ આ કાર્યવાહી થતી હોય તેવી ચર્ચાઓ છે. હરેશ જોષી પત્રકારો સાથે પણ સંપર્ક ધરાવે છે ત્યારે અવારનવાર કાર્યાલયની વાતો બહાર જતી હોવાનો આક્ષેપ પણ હરેશ જોષી સામે થઈ રહ્યો હતો. ચર્ચાઓ અનેક છે પરંતુ ભાજપ એક શિસ્તબદ્ધ પાર્ટી છે ત્યારે કારણ શું છે તે બહાર આવવાની શક્યતા ખૂબ જ ઓછી છે. હરેશ જોષીને દુર કરવા અંગે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ કહ્યું હતું કે કાર્યલય મંત્રી બદલાનો નિર્ણય વ્યવસ્થાનો એક ભાગ છે. કોઈ વિવાદ નથી. વ્યવસ્થાના ભાગરૂપે કાર્યકર્તાઓના હોદ્દા બદલાતા રહેતા હોય છે. થોડા સમય પહેલા પ્રદેશના કાર્યાલય મંત્રી પણ બદલાયા હતા. તેવી જ રીતે રાજકોટના કાર્યાલય મંત્રી બદલાયા છે. નવા કાર્યલય મંત્રી તરીકે હિતેશ ઢોલરીયાને તાત્કાલિક અસરથી નિમણૂક આપી દેવામાં આવી છે. હરેશ જોષી છેલ્લા ૩૦ વર્ષથી ભાજપમાં સક્રિય રીતે જોડાયેલા છે. હરેશ જોષી પહેલા ભાજપની મીડિયા ટીમ સાથે જોડાયેલા હતા.

## વડોદરામાં ૭ જેટલા બુલેટ ચાલકોને ઝડપી પાડી વાહનો ડીટેઈન કરાયાં

વડોદરા

નવરાત્રી દરમ્યાન રાત્રીના સમયે મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ દ્વારા ધ્વનિ પ્રદુષણ ફેલાવનાર બુલેટ ચાલકો વિરુધ્ધ ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી છે. જેમાં ૭ જેટલા બુલેટ ચાલકોને ઝડપી પાડી વાહનો ડીટેઈન કરી તેમના વિરુદ્ધ એમ.વી.એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરાઈ રહી છે. આગામી દિવસોમાં પણ અવાજ પ્રદૂષણ ફેલાવતા આવા મોડીફાઈડ સાઈલેન્સરવાળા વાહન ચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરાશે.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની સૂચનાના આધારે શહેર વિસ્તારમાં નવરાત્રી મહોત્સવ દરમ્યાન રાત્રીના સમયે પેટ્રોલિંગ, વાહન ચેકીંગ હાથ ધરવા સાથે ડ્રીંક એન્ડ ડ્રાઈવના કેસો કરવા તથા મોડીફાઈડ સાયલન્સરવાળા બુલેટ તેમજ બાઈક ચાલકો દ્વારા વિકૃત અવાજ કરી ધ્વનિ પ્રદુષણ ફેલાવનાર ચાલકો વિરુધ્ધ ટ્રાફિક પોલીસ વિભાગે કડક કાર્યવાહી શરૂ કરી છે. ટ્રાફિક પોલીસ દ્વારા રાત્રીના સમયે વાહન ચેકીંગ દરમ્યાન મોડીફાઈડ સાયલન્સરવાળા વિકૃત અવાજ કરી ધ્વનિ પ્રદુષણ ફેલાવતા ૭ બુલેટ ચાલકોને ઝડપી પાડયા હતા. ઉપરાંત તેમના વાહનો ડીટેઈન કરી તેમના વિરુદ્ધ એમ.વી.એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

Printed, Published and Owned by SISODIYA VIJYABEN VARAJSINH and Printed at DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. and Published from "GURU KRUPA" RAJPUT PARA, NEAR MATAJI TEMPLE, MANI BAZAR, MALIA - 362245. DIST. JUNAGADH. EDITOR : HEMANSHU HARISHBHAI PATIL